પ૩૫૫૭-૭૫૨

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

નં. સમગ્ર શિક્ષા/મકમ/૨૦૨૨/
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેકટર–૧૭, ગાંધીનગર
તા.૧૪.૧૨.૨૦૨૨

પ્રતિ
મેરીટ ક્રમ–૧૦૧ થી ૨૯૬

**વિષય : Hearing Impaired (HI) ધરાવતાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત શાળાકક્ષાએ શિક્ષક તરીકેના કામગીરી માટે પ્રમાણપત્રો/ગુણપત્રકોની ચકાસણી માટે નીચેના સ્થળે હાજર રહેવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયની શાળાઓમાં શાળા કક્ષાએ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે **Hearing Impaired (HI)** કેટેગરી સ્પેશ્યલ એજયુકેટરની જાહેરાત અન્વયે ઓન–લાઈન કરેલ અરજી અનુસંધાને નીચે દર્શાવેલ કચેરી ખાતે નિયત તારીખ અને સમયે અસલ પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકોની ચકાસણી માટે આપે ઉપસ્થિત રહેવાનું રહેશે.

**પ્રમાણપત્રોની ચકાસણી માટેનું સ્થળ :** ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭,
ગાંધીનગર–૩૮૨૦૧૦

**તારીખ : ૩૧.૧૨.૨૦૨૨ (શનિવાર)**
**સમય : સવારે ૦૯:૦૦ કલાકે**

ઉકત પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકોની ચકાસણી દરમિયાન આપે કરેલ ઓન લાઈન અરજી પર આપનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો અને ઓરીજનલ સહીવાળી નકલ તેમજ આપના અસલ પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકો તથા તેની એક–એક ઝેરોક્ષ નકલ સાથે ફરજિયાત ઉપસ્થિત રહેવાનું રહેશે.

વધુમાં આપ રૂબરૂ પ્રમાણપત્રોની ચકાસણી માટે આવો ત્યારે તમારા ઓરીજનલ સર્ટીફીકેટ ચેક કરતી વખતે ઓન લાઈન અરજીમાં કે જાહેરાતમાં દર્શાવ્યા મુજબ લાયકાત ધરાવતા ન હોય અથવા ખોટી માહિતી ભરેલ હશે તો તમને તાત્કાલિક અસરથી ડીસકવોલીફાઈડ ગણી મેરીટયાદીમાંથી બાકાત કરવામાં આવશે. જેની નોંધ લેવી.

ઉકત પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકોની ચકાસણી માટે આવનાર ઉમેદવારને કોઈ પણ જાતનું ભથ્થુ કે ટી.એ.ડી.એ. ચૂકવવામાં આવશે નહિ. જેની નોંધ લેશો.

આ જાહેરાત સ્પેશ્યલ એજયુકેટર તરીકે આપવામાં આવેલ. પરંતુ નામ.હાઈકોર્ટના આદેશ મુજબ સ્પેશ્યલ એજયુકેટરને બદલે શાળાકક્ષાએ દિવ્યાંગ વિદ્યાર્થીઓના શિક્ષક તરીકે ભરતી કરવા આદેશ કરેલ છે. તે ધ્યાને લઈ જો આપની પસંદગી થશે તો આપની સાથે શાળાકક્ષાએ દિવ્યાંગ વિદ્યાર્થીઓના શિક્ષક તરીકના કરાર કરવામાં આવશે.

**નોંધ: જો આપે સ્પેશ્યલ બી.એડ. (દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે) સિવાય અન્ય કોઈપણ વિદ્યાશાખામાં (વિષયમાં) બી.એડ. કરેલ હશે તો તે માન્ય ગણાશે નહિ. જે ખાસ ધ્યાને લેશો.**

**નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મળેલ મંજુરી અન્વયે**

(મહેશ મહેતા)
સચિવ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

D:\D\Recruitment-2022\IED Special Educator Post 1500 Second Round\Call Letter\Call Letter.docx